ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પલ્ટી મારેલી પોલીસ જીપમાં દારૂની બોટલ હતી...?

## પ્લાસ્ટીકની બે પાણીની બોટલો, ડીસ્પોઝલ ગ્લાસ અને રોયલ ચેલેન્જ બ્રાન્ડની બોટલ પોલીસ તપાસમાં ગાયબ ...? ફોટોગ્રાફર પહોંચે તે પહેલા જીપ સફાચટ કોણે કરી નાંખી તે તપાસનો વિષય

ઘટના બન્યા પછીની ૩ મિનિટ બાદનો ફોટો






પોલીસ પહોંચી ત્યાર પછીનો ફોટો (મુદ્દામાલ ગાયબ....?)

ગાંધીનગર, તા. ૨૦ શહેરનાં ચ-માર્ગ પર ગઈ સમી સાંજે જિલ્લા પંચાયતના સામેની સાઈડ પોલીસની બોલેરો જીપ રોંગ સાઈડમાં ઘુસીને પલ્ટી મારી ઊંધા માથે થઈ ગઈ હતી. પળવારમાં પોલીસ પહોંચી ગઈ હતી. જ્યારે જીપ ચલાવી રહેલા પોલીસ ડ્રાઈવરને ૧૦૮માં શિફ્ટ પણ કરાયો ન હતો...! પોલીસે કાગળ પર નોંધ્યું કે એક બાઈકચાલકને બચાવવા જતાં જીપ પલ્ટી મારી ગઈ પરંતુ આ ઘટનાને નજરે નીહાળી તે ક્ષણને પોતાના મોબાઈલમાં ફોટો પાડીને કેદ કરી દેનાર જાગૃત નાગરીકે તે ડ્રાઈવરની અને ઘટના સ્થળે પહોંચેલી પોલીસની પોલ ખોલી નાંખી છે. જીપમાં બનાવ સમયે બે પ્લાસ્ટીકની પાણીની બોટલો

● અનુસંધાન પાન-૭ પર

### પુરાવાનો નાશ કરનાર સામે ગુનો નોંધાશે...?

જીપ પલ્ટી મારી ગઈ તે જ સમયે જીપમાં પ્લાસ્ટીકની પાણીની બોટલો, ડીસ્પોઝલ ગ્લાસ અને દારૂની બોટલ પડી હતી. આ તમામ પુરાવાનો નાશ કોણે કર્યો તે હજુ પણ રહસ્યમય છે. પોલીસ ૧૦૮ તે પહેલા જ પહોચી ગઈ હતી તેમ છતાં ઈન્વેસ્ટીગેશન ઓફીસરનું કહેવું છે કે અમે ઘટના સ્થળે સાંજે ૮ વાગે પહોંચ્યા હતા. ત્યારે દારૂની બોટલ કે તેવી કોઈ સામગ્રી મળી ન હતી તો ઘટનાની ગણતરીની મિનિટોમાં પહોંચેલી પોલીસ નકલી પોલીસ હતી..? પુરાવાનો નાશ કરનાર સામે પણ કાયદેસરની કાર્યવાહી કરીને યોગ્ય પગલા લેવાશે..?

### પોલીસ જીપમાં પડેલી બોટલ ક્યાંથી આવી હતી..?

પોલીસની બોલેરો જીપમાં રોયલ ચેલેન્જ બોટલ પડી હતી. આ બોટલ જીપચાલક પોલીસ જવાન ક્યાંથી લાવ્યો હતો. તે પણ તપાસનો વિષય છે. તે કોઈ બુટલેગર પાસેથી બોટલ લાવ્યો હશે તો તે સાબીત થાય છે કે બુટલેગરો સાથે પોલીસને સાંઠગાંઠ છે અને કોઈ અન્ય વ્યક્તિએ સેવામાં આપી તો કોણે અને ક્યાંથી લાવીને આપી..? જોઈએ તપાસ ક્યાં સુધી લઈ જવાય છે...! રેન્જ આઈજીપી હસમુખ પટેલ અને એસપી વિરેન્દ્રસિંહ યાદવે ચાર્જ સંભાળ્યા બાદ દારૂ મળવો મુશ્કેલ છે તો આ જવાન ક્યાંથી બોટલ લઈ આવ્યો તે જોવું રહ્યું..!

# ચ-૦ થી ઈન્દિરાબ્રીજના સર્વિસ રોડને ફોરલેન બનાવવા ૬૭૦૦ વૃક્ષો અને છોડ હટાવાશે

## માર્ગ મકાન વિભાગ દ્વારા વનતંત્રને ૫૪.૯૬ લાખનુ વળતર ચુકવવામાં આવશે

ગાંધીનગર તા ૨૦ કોબા સર્કલથી ઈન્દિરા બ્રીજ માર્ગ પર સર્વિસ રોડને ફોરલેન બનાવવાની કાર્યયોજના હાથ ધરવામાં આવનાર છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોરનુ નિર્માણ કરવાની યોજના પૂર્વે હયાત સર્વિસ રોડને ફોરલેન બનાવવાનુ કામ ટૂંકમાં શરૂ કરાશે જયારે આ કામગીરી દરમિયાન અંદાજિત ૬૭૦૨ જેટલા રોપાઓ તેમજ વૃક્ષો કાપવા પડે તેમ છે. જો કે આ મામલે વન વિભાગે મંજુરી આપી દેવાતા માર્ગ મકાન વિભાગ દ્વારા રૂપિયા ૫૪.૯૬ લાખનુ વળતર ચુકવવામાં આવશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો વાહનવ્યવહાર વધુ સરળ બનાવવા તેમજ માર્ગ સલામતીના પરિબળને ધ્યાને રાખી માર્ગ મકાન વિભાગ દ્વારા કોબા સર્કલથી ઈન્દિરાબ્રીજ સુધી કોરીડોર બનાવવાની કાર્યયોજના ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર છે. જયારે કોરીડોરની યોજના હાથ ધરતા પૂર્વે વિભાગ દ્વારા આ રૂટમાં હયાત સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જયારે સર્વિસ રોડને ફોરલેન કરવા ઉપરાંત રૂટમાં આવતા બ્રીજનું પણ નવીનિકરણ હાથ ધરાશે. જયારે આ યોજનાના પ્રથમ તબક્કામાં સર્વિસ રોડને ફોરલેન બનાવાશે. જેમાં ચ-૦ થી ઈન્દિરાબ્રીજ સુધીના રસ્તાના હયાત સર્વિસ માર્ગને ફોરલેન બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી બે મહીનામાં આ કામ શરૂ કરી દેવાશે. જયારે આ રૂટમાં કુલ ૬૭૦૨ જેટલા રોપાઓ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# શંકરસિંહ વાઘેલા આજે જન્મદિનની ઉજવણી નહીં કરે

## ગુજરાતમાં અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની બેવડી પરિસ્થિતિના કારણે વિરોધ પક્ષના નેતા વ્યથિત

ગાંધીનગર, તા. ૨૦



ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાનો તા. ૨૧મી જુલાઈ મંગળવારે જન્મ દિવસ છે. જો કે ગુજરાતમાં પ્રવર્તમાન અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની સંયુક્ત પરિસ્થિતિના પગલે તેમણે જન્મ દિવસની ઉજવણી મોકુફ રાખેલ છે.

ગુજરાતના અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા અતિશય ભારે વરસાદે ભયંકર તારાજી સર્જી હતી. જેના કારણે આ વિસ્તારમાં પારાવાર નુકસાન થયું હતું. આ નુકશાન સામે રાજ્ય સરકારે જાહેર કરેલા અપુરતા રાહત પેકેજથી વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ દુઃખની લાગણી અનુભવી હતી. આ ઉપરાંત બીજી તરફ ઉત્તર ગુજરાત વરસાદ વિના પાણી માટે ટળવળી રહ્યું છે ત્યારે ગુજરાતની પ્રજાને અસરગ્રસ્તોની મદદે આવવા શંકરસિંહે આહ્‌વાન કર્યું છે.

# ગુણ કાંડના સંદર્ભે સરકારે યુનિવર્સિટી પાસે ખુલાસો માગ્યો

ગાંધીનગર, તા.૨૦ ગુજરાત યુનિવર્સિટીનાં બહુચર્ચિત ગુણ સુધારણા કૌભાંડના પગલે રાજયનું શિક્ષણ તંત્ર સફાળુ જાગ્યું છે. રાજય સરકારના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુજરાત યુનિવર્સિટી પાસે આ કૌભાંડ મામલે ખુલાસો માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. બીજી બાજુ આ કૌભાંડમાં પકડાયેલા બીજા બે વિદ્યાર્થીઓ પણ અમદાવાદની સીયુ શાહ સીટી કોલેજનાં હોવાનું જાળવા મળ્યું છે. યુનિવર્સિટીએ આ વિદ્યાર્થીઓ અને કોમ્પ્યુટર એજન્સી સામે કાર્યવાહી કરવાની કવાયત હાથ ધરી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સીયુ શાહ સીટી કોમર્સ કોલેજનાં બે વિદ્યાર્થીઓ દ્વારા માકર્સ સુધારીને ગોલ્ડ મેડલ મેળવ્યા હોવાનું કૌભાંડ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. આ કૌભાંડમાં નિત નવા ચોકવનારા ખુલાસાઓ થઈ રહ્યા છે. રવિવારે આ કૌભાંડમાં વધુ બે વિદ્યાર્થીઓને પાસ કરાયા હોવાનો ચોંકાવનારો ખુલાસો થવા પામ્યો છે ત્યારે આ કૌભાંડ અંગે રાજયનુ શિક્ષણ તંત્ર પણ સફાળુ જાગ્યુ છે. ત્યારે રાજય સરકારનાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુજરાત યુનિવર્સિટીને પરિપત્ર પાઠવીને કૌભાંડ અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે ત્યારે બીજી બાજુ આ કૌભાંડમાં સામે આવેલ વધુ બે વિદ્યાર્થીઓ પણ સીયુ શાહ સીટી કોમર્સ કોલેજમાં જ હોવાનું યુનિવર્સિટીનાં સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ખિસકોલીનો સંસાર - પૃથ્વી પરનો ચંચળ અને નાનકડો જીવ, નાનકડો સંસાર ચલાવે છે... ખૂબ જ બીકણ અનિર્ણાયક અને કોમળ ઓળખ ધરાવતી ખિસકોલીને જાર નાખી પુણ્યનું ભાથુ બાંધવાનો ભાવ વ્યક્ત કરાય છે... ખિસકોલી એની મસ્તીમાં જમણવારને માણે છે... મિજબાની માણતી ખિસકોલીની લાક્ષણિક તસવીર...

# નગરના સર્કલો જાળવણીના અભાવે સમસ્યારૂપ બન્યા

ગાંધીનગર તા ૨૦ ગાંધીનગર શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ સર્કલોનુ નવિનીકરણ કરવામાં આવ્યુ હતુ. જયારે સર્કલોને વિકસાવવાના મામલે નવી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ હાલ નગરના મુખ્ય માર્ગો પરના સર્કલો કંગાળ ભાસી રહયા છે. જયારે ચ-૩ ના સર્કલને વિકસાવવાનું કામ છેલ્લા ૬ મહિનાથી પૂર્ણ થઈ શકયુ નથી. માર્ગ અકસ્માતની દ્રષ્ટીએ જોખમી બનેલા સર્કલો સુંદરતા પણ ગુમાવી રહયા છે. તંત્ર દ્વારા પણ કોઈ દરકાર લેવામાં આવતી નથી.

### ચ-૩ના સર્કલનુ કામ પુર્ણ થતુ નથી : વારંવાર અકસ્માતો થાય છે

નગરની આગવી ઓળખ સમાન સર્કલો જાળવણીના અભાવે સમસ્યારૂપ બન્યા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરના મુખ્ય માર્ગો પરના સર્કલોની નિભાવણી તેમજ બ્યુટીફીકેશનની જવાબદારી સંસ્થાઓને સોંપવામાં આવી છે. ગત વાઈબ્રન્ટ દરમિયાન નગરના

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૭ પ્રાથમિક શાળામાં વીજ ક્ષમતા વધારવા નવું ડી.પી. મુકાશે

ગાંધીનગર તા ૨૦ શહેરની સેકટર- ૨૭ પ્રાથમિક શાળામાં સતત ત્રણ દિવસ સુધી લાઈટો ડુલ રહયા બાદ

### બે દિવસ અગાઉ લાઇટો ડુલ થઇ ગઇ હતી : શાસનાઅધિકારીએ મુલાકાત લઇ પરિસ્થિતિનો તાગ મેળવ્યો

જિલ્લા શાસનાધિકારીએ શાળાની મુલાકાત લીધી હતી. જયારે વધુ વીજ વપરાશના લીધે લાઈટા ડુલ થતી હોવાનુ ધ્યાને આવતા શાળામાં નવું ડી પી મુકવા સંબંધિત તંત્રને દરખાસ્ત કરવામાં આવી છે.

સેકટર- ૨૭ પ્રાથમિક શાળામાં બે દિવસ પૂર્વે લાઈટો ડુલ થઈ જતા વિધાર્થીઓએ આકરી ગરમીમાં ગુંગળામણ વેઠવાનો વારો આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યુ હતું. જયારે શાળામાં ખુલ્લા વિજવાયરો પણ વિદ્યાર્થી માટે જોખમી હોવાનો સુર ઉઠતા સલામતીનો મામલો પણ ગંભીર બન્યો હતો.શાળામાં લાઈટો ડૂલ થવાના મામલે પાટનગર યોજનાના વિધુત વિભાગ દ્વારા પણ રજુઆતને ગંભીરતાથી ન લેવાતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો.આ સ્થિતિને અનુલક્ષી જિલ્લા શાસનાધિકારીએ શાળાની રૂબરૂ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરિક્ષણ કર્યુ હતું. જે દરમિયાન શાળામાં ૫૦ જેટલા પંખા ઉપરાંત વોટર કુલર તેમજ આરા પ્લાન્ટ સહિત અન્ય ઉપકરણો ચાલતા હોવાથી વીજ વપરાશ વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતું.

આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ શાળામાં પુરતો વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે સંબંધિત તંત્રને નવુ ડીપી મુકવા દરખાસ્ત કરી દેવામાં આવી છે. શહેરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ મળતી ન હોવાનો આક્રોશ આમ પણ પ્રબળ બની રહયો છે. આવા સંજોગોમાં સરકારી વિભાગો દ્વારા પણ શાળા કક્ષાએથી થતી રજુઆતો અન્વયે ત્વરિત પગલા ન લેવાતા હોવાનો આક્રોશ પણ ઉઠ્યો છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અબી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ

89 80 10 1515 93 761 8000 3 93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

UltraTech CEMENT The Engineer's Choice

STEEL TIGER

KAMDHENU STEEL

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)

● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●

મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧



અંજલિ

ન જાયતે મ્રિયતે વા કદાચિ - ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂય: । અજો નિત્ય: શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥
શ્રીમદ્ ભગવત ગીતા ૨/૨૦

પરેશ પટેલ
સ્વ. તા. ૨૧-૭-૧૯૯૩

દિવ્ય આત્માને ચિર શાંતિ માટે પરમતત્વને પ્રાર્થના....

પ્રકાશ લાલા, ઘનશ્યામ પટેલ, નીતિન પટેલ, કૃષ્ણકાન્ત જહા, સંજીવ મહેતા, દિલીપ રાવલ, હિરેન ભટ્ટ, જાગૃતિ ત્રિવેદી

પરેશ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ - ગાંધીનગર

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT, KisaN, ashirvad C. PVC, UPVC, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK 500 TMT BARS - ISI, BENELAVE BATH FITTINGS, DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com